# અધિક પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી ક્રાઇમ અને રેલ્વેઝની કચેરી

ચોથો માળ, પોલીસ ભવન, સેકટર-૧૮, ગુજરાત રાજય, ગાંધીનગર

કચેરી સંપર્ક નંબર-૦૭૯-૨૩૨-૫૯૯૧૫ e-mail ID:cor-crime@gujarat.gov.in

## કાયદા અધિકારી (વર્ગ-૧ સમકક્ષ) ની કરાર આધારિત જગ્યાની ભરતી

પોલીસ વિભાગના જુદા જુદા જીલ્લા, શહેર અને અન્ય કચેરીઓ માટે કાયદા અધિકારી (વર્ગ-૧ સમકક્ષ) ની જગ્યા ૧૧ માસ માટે કરાર આધારે ભરવા માટે ઇચ્છુક ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમૂનામાં અરજી મંગાવવામાં આવે છે.

| જગ્યાનુ નામ | કુલ જગ્યા | વયમર્યાદા | પગાર અને ભથ્થા | લાયકાત અને અનુભવ |
|---|---|---|---|---|
| કાયદા અધિકારી | ૩૭ | ૫૦ વર્ષથી વધારે નહી (તા.૩૧/૦૧/૨૦૨૩ ની સ્થિતિએ) | રૂ.૪૦,૦૦૦/- માસિક એકત્રિત રકમ | (૧) માન્ય યુનિ. કાયદાના સ્નાતકની પદવી (૨) એડવોકેટ તરીકે લધુત્તમ ૧૦ વર્ષનો અનુભવ |

અન્ય વિગતો:

૧. જ્યુડીસિયરી ડીપાર્ટમેન્ટમાંથી નિવૃત્ત થયેલ, હાલમાં વકીલાત કરતા અને જગ્યાની ફરજો જોતાં અનુભવી વ્યકિતની વય મર્યાદામાં છુટ છાટ આપી પ્રાધાન્ય આપવામાં આવશે.

૨. ગુજરાતી અને અંગ્રેજી બન્ને ભાષા પરનું પ્રભુત્વ જરૂરી.

૩. બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં Enrolment હોવું ફરજીયાત છે.

૪. CCC+ સમકક્ષનું કોમ્પ્યુટરનું નોલેજ હોવુ જરૂરી.

૫. અરજીપત્રકનો નમુનો તથા કરારની શરતો અને બોલીઓ તા.૨૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૦૧/૨૦૨૩ સુધીમાં પોલીસ વિભાગની વેબસાઇટ http://cidcrime.gujarat.gov.in/ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

૬. સંપૂર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરૂરી પ્રમાણપત્રોની નકલ સાથે તા.૩૧/૦૧/૨૦૨૩ સુધીમાં " અધિક પોલીસ મહાનિદેશક, સી.આઇ.ડી ક્રાઇમ અને રેલ્વેઝ, ગુ.રા, ગાંધીનગરની કચેરી ચોથા માળ, પોલીસ ભવન, સેકટર-૧૮, ગુ.રા, ગાંધીનગર-૩૮૨૦૧૮" ના સરનામે રજી.પોસ્ટથી મોકલી આપવાની રહેશે. કાયમી સરનામા પરથી રજી. પોસ્ટ કરવું અને ઉમેદવારનો મોબાઇલ નંબર તથા પરિવારના સભ્યનો એક મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો. અરજીપત્રક રૂબરૂમાં સ્વીકારવામાં આવશે નહીં. નિયત કરેલ સમયની બહારની અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં.

૮. ખાલી જગ્યાઓની દ્રષ્ટિએ તથા વહીવટી અનુકુળતા ખાતર જે તે જીલ્લા-શહેરના સ્થાનિક ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે..

૯. ઉમેદવારો વિરૂદ્ધ કોઇ પણ ક્રીમીનલ કેસ/ગંભીર કાયદાકીય પ્રક્રિયા/ખાતાકીય તપાસ પડતર કે સુચિત ના હોવી જોઇએ.

૧૦ સદર જાહેરાત અન્વયે અત્રેની કચેરીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

( આર.બી. બ્રહ્મભટ્ટ )

અધિક પોલીસ મહાનિદેશક

સી.આઇ.ડી ક્રાઇમ અને રેલ્વેઝ,

ગુ.રા, ગાંધીનગર.

# અરજી પત્રક

પ્રતિ,

અધિક પોલીસ મહાનિદેશક શ્રી,

સી.આઇ.ડી ક્રાઇમ અને રેલ્વેઝ,

ચોથો માળ, પોલીસ ભવન.સેકટર-૧૮,

ગુજરાત રાજય, ગાંધીનગર.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | અરજદારનુ પુરૂ નામ | | | | |
| | | અટક | નામ | પિતા/પતિનું નામ | |
| ૨ | પત્ર વ્યવહારનુ સરનામુ | | | | |
| | સંપર્ક નંબર | ૧) | ૨) | | |
| ૩ | જન્મ તારીખ | | | | |
| ૪ | ઉંમર | | | | |
| ૫ | અભ્યાસ | | | | |
| | ક્રમ | પદવી | માન્ય યુનિ.નું નામ | પાસ કર્યાનું વર્ષ | મેળવેલ ટકા/વર્ગ |
| | ૧ | | | | |
| | ૨ | | | | |
| | ૩ | | | | |
| ૬ | અન્ય લાયકાત | | | | |
| ૭ | બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં Enrolment કરાવ્યા નંબર અને તારીખ: | | | | |
| ૮ | અનુભવ | | : | | |
| | | | : | | |
| | | | : | | |

## બાંહેધરી પત્રક

આથી હું ..................................... જાહેર કરૂ છું કે ઉપર દર્શાવેલ વિગતો સંપૂર્ણપણે સત્ય છે. જો દર્શાવેલ માહિતી ખોટી કે ગેરમાર્ગે દોરનારી જણાશે તો અધિક પોલીસ મહાનિદેશક શ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજય, ગાંધીનગરનો નિર્ણય મને બંધનકર્તા રહેશે.

અરજી કર્યા તારીખ:

( ઉમેદવારની સહી )

## પરિશિષ્ટ-૧

### કાયદા અધિકારીશ્રીની નિમણુંક માટે શરતો અને બોલીઓ:-

(૧) શ્રી ---------------- આ નિમણુંક તેઓ હાજર થાય તે તારીખ થી પ્રથમ તબકકે ૧૧ માસની મુદત માટેની રહેશે.

(૨) નિમણુંક કરનાર કે નિમણુંક પામનાર એ બન્ને પક્ષો એક માસની નોટીસ આપીને કરાર નિયુકિતનો અંત લાવી શકશે.

(૩) તેઓએ ------------ ખાતે ફરજ બજાવવાની રહેશે.

(૪) તેઓની સામાન્ય ફરજો અને જવાબદારીઓ આ સાથે સામે પરિશિષ્ટ-૨માં જણાવ્યા પ્રમાણેની રહેશે.

(૫) તેઓને રૂ.૪૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાલીસ હજાર પુરા) માસિક એકત્રિત રકમ મળવાપાત્ર થશે.

(૬) ઉપર પ્રમાણેના એકત્રિત વેતન પર તેમને કોઇપણ જાતનાં ભથ્થાં મળવાપાત્ર થશે નહિ.

(૭) કરારના સમયગાળા દરમ્યાન તેઓને એકત્રિત વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહિ. મોઘવારી ભથ્થુ વચગાળાની રાહત તથા પગારપંચના બીજા લાભો મળવાપાત્ર થશે નહિ.

(૮) કરારના સમયગાળા દરમ્યાનની નોકરી બદલ વધારાનું પેન્શન, બોનસ, એલ.ટી.સી એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઇપણ પ્રકારના નાણાંકીય લાભો મળવાપાત્ર થશે નહિ.

(૯) કરારના સમય ગાળા દરમ્યાન તેઓનું અવસાન થાય તો તેમણે બજાવેલ ફરજના સમયગાળાના એકત્રિત વેતનની લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા કોઇ નાણાંકીય લાભ એક્ષગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહિ.

(૧૦) તેઓના કામકાજનો સમય ------------ કચેરીના સમય મુજબનો રહેશે અને તે અનુસાર કચેરીમાં હાજરી આપવાની રહેશે. પ્રસંગોપાત વધુ સમયના કામ માટે કોઇ વળતર ભથ્થું આપવામાં આવશે નહિ.

(૧૧) તેઓને ૧૧ માસ દરમ્યાન ૧૧ પરચુરણ ------------- શ્રીની પુર્વમંજુરીથી મળવાપાત્ર થશે અને અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહિ. અનિવાર્ય સંજોગોના કારણો જો તેમણે વધુ રજા લેવાની થાય તો તેવી ગેરહાજરીના સમયગાળા સામે મળતી માસિક ઉચ્ચક રકમમાંથી પ્રમાણસર થતી રકમની કપાત કરવામાં આવશે.

(૧૨) તેઓએ કાર્યમથક પર રહેઠાણ રાખવાનું ફરજીયાત રહેશે અને -----------શ્રીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહિ.

(૧૩) તેઓએ સરકારી કામકાજ અર્થે પ્રવાસ પર જવાનું થાય તો તેવા પ્રસંગે સરકારના વર્ગ-૧ના અધિકારીશ્રીને મળતા લઘુતમ ગ્રેડ-પેના પગાર ધોરણમાં મળવાપાત્ર પાંચમાં પગાર પંચ મુજબના પગારના લઘુત્તમ પગાર ધોરણ મુજબ મુસાફરી ભથ્થુ અને દૈનિક ભથ્થુ મળવાપાત્ર થશે.

(૧૪) તેઓને ગુજરાત મુલ્કી સેવા (વર્તણુંક), ૧૯૭૧ તથા મુલ્કી સેવા (શિસ્ત અને અપીલ)-૧૯૭૧ માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે અને તેનો ભંગ થયે કરારનો સમય કોઇપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકાશે.

(૧૫) તેઓએ મળનાર માસિક એકત્રિત વેતનની ત્રણ ગણી રકમનું બોન્ડ આપવાનું રહેશે.

(૧૬) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નકકી થાય તે પણ બંધનકર્તા રહેશે.

(૧૭) વ્યવસાય વેરા કપાત ફીકસ પગારમાંથી કરી લેવાની રહેશે.

(૧૮) નિમણુંકના સમય દરમિયાન તેમણે બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઇ પણ પ્રકારના ફોજદારી કે દીવાની કાર્યવાહી સબબ રાજય સરકારની કોઇ જવાબદારી રહેશે નહિ.

(૧૯) કરાર આધારિત ઉચ્ચક વેતનથી નિમણુંક પામેલ વ્યકિતને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો હકક પ્રાપ્ત થશે નહિ.

(૨૦) ઉપરોકત શરતો નિમણુંક પામનાર વ્યકિતને સ્વીકાર્ય છે, તે અંગેનુ સંમતિપત્ર મેળવવાનું રહેશે.

(૨૧) તેઓએ દર ત્રણ મહિને કેટલા કેસમાં હાજર રહયા, કેટલા કેસનો નિકાલ થાય તે પૈકી કેટલા કેસોમાં સરકાર પક્ષે ચુકાદા આવ્યા અને કેટલા કેસમાં સરકાર વિરુધ્ધ ચુકાદા આવ્યા તેની કોર્ટ કેસવાર ચોક્કસ માહિતી ------------- અધિકારીશ્રીને અચુક રજુ કરવાની રહેશે.

## પરિશિષ્ટ-૨

## કાયદા અધિકારીશ્રી બજાવવાની રહેતી સામાન્ય ફરજો અને જવાબદારીઓની વિગતો:-

(૧) ----------- કચેરીઓના તમામ શાખાના નામદાર નીચલી અદાલત અને વડી અદાલત સમક્ષ ચાલતા તમામ કેસોની કામગીરી.

(૨) ----------- કચેરી ખાતેની તમામ શાખાઓના નામદાર સુપ્રીમ કોર્ટ સમક્ષ ચાલતા કેસોને લગતી કામગીરી

(૩) ગુજરાત રાજ્ય બહાર અને અન્ય કોર્ટમાં ટ્રાન્સફર થયેલ કે થનાર કોર્ટ કેસોને લગતી તમામ કામગીરી

(૪) -------- કચેરીને લગતા કોર્ટ કેસોની કામગીરીના સંદર્ભે નામદાર સુપ્રીમ કોર્ટના રાજ્ય સરકારના એડવોકેટ, ગુજરાત હાઇકોર્ટના એડવોકેટ અને આ કામે રાજ્ય સરકાર તરફથી જુદી જુદી કામગીરી સંદર્ભે રોકવામાં આવેલ એડવોકેટ સાથે સંકલનની કામગીરી

(૫) ------------- કચેરીને લગતા કોર્ટ કેસો સંદર્ભે સંબંધિત શાખાઓના/અધિકારી/કર્મચારીઓના લાયઝનમાં રહી કોર્ટ કેસો તથા તેને આનુષંગિક કામગીરી ઉપરાંત અંગત રસ લઇ કોર્ટ કેસો સંદર્ભમાં પેરાવાઇઝ રીમાર્કસ તૈયાર કરવા, સોગંદનામા તૈયાર કરવા, સરકારી વકીલ તથા સરકારશ્રી દ્વારા રોકવામાં આવેલ વકીલશ્રીઓને બ્રીફ કરવા તેમજ કેસની મુદત/સુનાવણી દરમ્યાન જે તે શાખાના સંકલનમાં રહી કોર્ટ ખાતે હાજરી આપવાની કામગીરી અને કેસ ચાલતો હોય ત્યારે સરકારશ્રી વકીલશ્રીનું Law Point તરફ ધ્યાન દોરી સરકારશ્રી પક્ષે અસરકારક રજૂઆત થાય તે જોવાની કામગીરી

(૬) ઉપરોકત કામગીરી સિવાય -------------- શ્રી તરફથી કોર્ટ કેસોના જે કોઇ કામગીરી સોંપવામાં આવે તેવી તમામ પ્રકારની કામગીરી

(૭) ઉપર્યુકત કોર્ટ કેસો અને કમિશનને લગતી કામગીરી માટે કાયદા અધિકારીશ્રીએ જરૂર જણાયે સુચના મળ્યે સામાન્ય કચેરી સમય ઉપરાંત, પ્રસંગ ઉપસ્થિત થયે, રોકાઇને તેમજ જાહેરરજાના દિવસે પણ કામગીરી બજાવવાની રહેશે. જેના માટે કોઇ વધારાનુ મહેનતાણુ કે ભથ્થુ મળવાપાત્ર રહેશે નહિ.